सत्यमेव जयते

रेलवे भर्ती बोर्ड | RAILWAY RECRUITMENT BOARD

सीईएन ०१/२०२६ सहायक लोको पायलट (एएलपी) के पद पर भर्ती

CEN 01/2026 Recruitment of Assistant Loco Pilot (ALP)

Test Date	03/11/2026
Test Time	9:00 AM - 10:00 AM
Subject	RRB ALP 2026 CBT 1

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB ALP**

Q.1 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

IHJ–FEG
JIK–GFH

Ans
✗ A. WUV–TSU
✓ B. WVX–TSU
✗ C. WVX–SST
✗ D. WUV–SRT

Q.2 ધ્વનિની ઝડપ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

Ans
✗ A. ઘન પદાર્થો, પ્રવાહી પદાર્થો અને વાયુઓમાં ધ્વનિની ઝડપ સમાન હોય છે.
✓ B.
માધ્યમના તાપમાનમાં વધારો થતાં તેમાં ધ્વનિની ઝડપ વધે છે.
✗ C.
કોઈપણ માધ્યમમાં ધ્વનિની ઝડપ પર તાપમાનની કોઈ અસર થતી નથી.
✗ D.
જ્યારે કોઈ પદાર્થ ઘનમાંથી વાયુમાં બદલાય છે ત્યારે ધ્વનિની ઝડપ વધે છે.

Q.3 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ '×', 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '–' થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
2 D 19 C 48 A 27 B 45 = ?

Ans
✗ A. 65
✓ B. 63
✗ C. 64
✗ D. 61

Q.4 એક લંબવૃત્તીય શંકુની તિર્યક ઊંચાઈ 40 cm અને તેની ઊંચાઈ 32 cm છે. તેનું વક્ર પૃષ્ઠફળ (cm^2 માં) શોધો. ($\pi = 3.14$ લો)

Ans
✓ A. 3014.4
✗ B. 3044.4
✗ C. 3034.4
✗ D. 3024.4

Q.5 એક વ્યક્તિએ 4 વર્ષ માટે 8%ના વાર્ષિક સાદા વ્યાજના દરે ₹56,500 નું રોકાણ કર્યું. 4 વર્ષ પછી તેને મળનારી રકમ (₹ માં) શોધો.

Ans
- ✗ A. 72,580
- ✓ B. 74,580
- ✗ C. 73,580
- ✗ D. 75,580

Q.6 જો BLASTED શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans
- ✗ A. એક
- ✗ B. બે
- ✓ C. એક પણ નહીં
- ✗ D. ત્રણ

Q.7 સાત લોકો, E, F, G, H, W, X અને Y, એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. Y એ E અને G બંનેની તરત જ બાજુમાં બેસે છે. G એ F ની ડાબી બાજુ ત્રીજા સ્થાને બેસે છે. X એ F ની તરત જ ડાબી બાજુ બેસે છે. W એ G ની તરત જ બાજુમાં બેસતો નથી. H ની જમણી બાજુ બીજા સ્થાને કોણ બેસે છે?

Ans
- ✓ A. F
- ✗ B. G
- ✗ C. W
- ✗ D. E

Q.8 એક યોક્કસ તર્કને અનુસરીને 14 એ 70 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 22 એ 110 સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, નીચેનામાંથી કયા વિકલ્પ સાથે 55 સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં જુદી પાડ્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવી જોઈએ. દા.ત. 13 લો – 13 પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો /બાદબાકી /ગુણાકાર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને પછી 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી.)

Ans
- ✗ A. 235
- ✗ B. 225
- ✗ C. 255
- ✓ D. 275

Q.9 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

77 66 54 41 27 12 ?

Ans
- ✗ A. -3
- ✓ B. -4
- ✗ C. -1
- ✗ D. -5

Q.10 ફળોના એક જથ્થાબંધ વેપારીએ ₹8,000 માં સફરજનની પેટી ખરીદી અને તેને 25% નફા પર વેચી. તો વેપારીને કેટલો નફો (₹માં) થયો?

Ans
- ✗ A. 2,500
- ✓ B. 2,000
- ✗ C. 1,600
- ✗ D. 3,000

Q.11 વનરાજ તેના પુત્ર કરતા ત્રણ ગણો મોટો છે, અને તેની પુત્રી તેના પુત્ર કરતા 3 વર્ષ નાની છે. જો 3 વર્ષ પહેલા આ ત્રણેય લોકોની ઉંમરનો સરવાળો 123 વર્ષ હોય, તો વનરાજની હાલની ઉંમર (વર્ષોમાં) _____ છે.

Ans
- ✗ A. 48
- ✗ B. 78
- ✗ C. 41
- ✓ D. 81

Black book

Q.12 નીચે બે વિધાનો આપવામાં આવ્યા છે. વિધાનોને કાળજીપૂર્વક વાંચો અને સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન I: ભૌતિક રીતે અલગ ભાગો ધરાવતા અને બિન-સમાન રચનાઓ ધરાવતા મિશ્રણને વિજાતીય મિશ્રણ કહેવામાં આવે છે.
વિધાન II: સોડિયમ ક્લોરાઇડ અને આયર્ન ફાઇલિંગ્સ, મીઠું અને સલ્ફર અને તેલ અને પાણીનું મિશ્રણ વિજાતીય મિશ્રણના ઉદાહરણો છે.

Ans
- ✗ A. વિધાન I સાચું છે પણ વિધાન II ખોટું છે.
- ✗ B. વિધાનો I અને II બંને ખોટા છે.
- ✓ C. વિધાનો I અને II બંને સાચા છે.
- ✗ D. વિધાન I ખોટું છે પણ વિધાન II સાચું છે.

Q.13 A, B, C, D, E અને F દરેક અલગ અલગ ગુણ મેળવ્યા છે. E એ બીજો સૌથી ઓછો ગુણ મેળવનાર વ્યક્તિ છે. B એ F કરતા ઓછા પરંતુ C કરતાં વધુ ગુણ મેળવ્યા છે. D એ E કરતાં વધુ ગુણ મેળવ્યા નથી. A એ F કરતાં ઓછા ગુણ મેળવ્યા નથી. તો કેટલા લોકોએ B કરતાં ઓછા ગુણ મેળવ્યા છે?

Ans
- ✗ A. ચાર
- ✗ B. બે
- ✓ C. ત્રણ
- ✗ D. એક

Q.14 એક દુકાનદારે એકસરખા છ મોબાઇલ ફોન ₹75,000 માં ખરીદ્યા. તેણે તેમાંથી બે મોબાઇલ ફોન ₹54,000 માં વેચ્યા. તો વેચેલા બે મોબાઇલ ફોન પર તેને કેટલા ટકા નફો થયો?

Ans
- ✗ A. 117%
- ✓ B. 116%
- ✗ C. 119%
- ✗ D. 118%

Q.15 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યા/પ્રતીકના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતોનું પાલન ન થાય, તો કોષ્ટકમાં આપેલા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ સીધા અનુસરવાના રહેશે.

સંખ્યા/પ્રતીક 6 $ 4 # @ 9 ! + 8 5

કોડ (Code) L K T D X Q I P V E

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને અંતિમ ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને અંતિમ ઘટકોના કોડની અદલાબદલી કરો.
(ii) જો બીજા અને ત્રીજા તત્વો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડ તરીકે કોડ કરો.
(iii) જો ચોથું ઘટક એક પ્રતીક છે અને પાંચમું ઘટક એક સંખ્યા છે, તો બંને ઘટકોને © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના સમૂહ માટેનો કોડ શું છે?
6 $ 4 # @

Ans
- ✗ A. LITDX
- ✓ B. LKTDX
- ✗ C. LKTFX
- ✗ D. LKTDQ

Q.16 મેરિટાઇમ અમૃત કાળ વિઝન 2047 ના ભાગરૂપે 2026 ના સરકારી પ્રકાશનોમાં રેખાંકિત કરાયેલું વિઝિન્જમ ઇન્ટરનેશનલ ડીપવોટર મલ્ટિપર્પઝ સીપોર્ટ (Vizhinjam International Deepwater Multipurpose Seaport) કયા રાજ્યમાં આવેલું છે?

Ans
- ✓ A. કેરળ
- ✗ B. કર્ણાટક
- ✗ C. આંધ્રપ્રદેશ
- ✗ D. તમિલનાડુ

Q.17 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?
23 30 41 48 59 ?

Ans
✗ A. 68
✓ B. 66
✗ C. 62
✗ D. 64

Q.18 નિષ્કર્ષણ પહેલાં અયસ્ક (કાચી ધાતુ) માંથી અશુદ્ધિઓ શા માટે દૂર કરવામાં આવે છે?

Ans
✗ A. અયસ્કનું વજન વધારવા માટે
✗ B. અયસ્કનો સ્વાદ સુધારવા માટે
✗ C. અયસ્કને રંગીન બનાવવા માટે
✓ D. તેમાંથી શુદ્ધ ધાતુ મેળવવા માટે

Q.19 સ્ટેન અને બેનેડિક્ટની હાલની ઉંમરનો સરવાળો 74 વર્ષ છે. આજથી ચાર વર્ષ પહેલાં, બેનેડિક્ટની ઉંમર સ્ટેનની તે સમયની ઉંમર કરતાં અડધી હતી. હાલમાં સ્ટેનની ઉંમર (વર્ષોમાં) કેટલી છે?

Ans
✗ A. 44
✓ B. 48
✗ C. 42
✗ D. 50

Q.20 નીચે આપેલ સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર સંકેતોનો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ સંકેતવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા સંકેતનું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના સંકેતને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યાઓ/પ્રતીકો	1 # 6 @ 3 % 8 & 5 $ 2 + 94
સંકેત	HMBT KP AF URDWLQ

શરતો –
(i) જો બીજું તત્વ પ્રતીક હોય, તો ચોથા તત્વને © તરીકે સંકેતો.
(ii) જો ચોથું તત્વ પ્રતીક હોય, તો બીજા તત્વને © તરીકે સંકેતો.
(iii) જો છેલ્લું તત્વ પ્રતીક હોય, તો પહેલા તત્વને © તરીકે સંકેતો.

સંખ્યા-પ્રતીકોના નીચેના જૂથ માટે સંકેત કયો છે?
859@2

Ans
✗ A. AUUTD
✗ B. A©UTD
✓ C. A©LTD
✗ D. AUUTW

Q.21 એક દુકાનદાર ₹5000ની છાપેલી કિંમત ધરાવતી એક વસ્તુ પર 20% વેપારી વળતર (discount) આપે છે. તે રોકડ ચુકવણી માટે ઘટાડેલી કિંમત પર વધુ 5% રોકડ વળતર (discount) આપે છે. તો રોકડમાં ચૂકવવાની થતી અંતિમ રકમ કેટલી હશે?

Ans
✗ A. ₹4000
✗ B. ₹3500
✓ C. ₹3800
✗ D. ₹4200

Q.22 માનવ નર અને માદા પ્રજનન અંગોમાં અનુક્રમે જન્યુજનન (gametogenesis) ક્યાં થાય છે?

Ans
✗ A. શુક્રપિંડ અને અંડવાહિનીમાં
✗ B. મૂત્રમાર્ગ અને અંડાશયમાં
✓ C. શુક્રપિંડ અને અંડાશયમાં
✗ D. મૂત્રમાર્ગ અને ગર્ભાશયના મુખમાં

black book

Q.23 જો '+' નો અર્થ '−', '−' નો અર્થ '×', '×' નો અર્થ '÷', '÷' નો અર્થ '+' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

23 ÷ 75 × 5 − 4 + 28 = ?

Ans

✗ A. 54

✗ B. 57

✗ C. 56

✓ D. 55

Q.24 એક નળ એક ટાંકીને 7 કલાકમાં ભરી શકે છે. જ્યારે બીજો નળ તે સંપૂર્ણ ભરેલી ટાંકીને 56 કલાકમાં ખાલી કરી શકે છે. જો શરૂઆતમાં ટાંકી સાવ ખાલી હોય અને બંને નળ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીનો અડધો ભાગ ભરાતા કેટલો સમય (કલાકમાં) લાગશે?

Ans

✗ A. 9

✗ B. 8

✓ C. 4

✗ D. 5

Q.25 એક ચોક્કસ તર્કને અનુસરતા 11 એ 120 સાથે સંબંધિત છે. તે જ સમાન તર્કને અનુસરતા 12 એ 143 સાથે સંબંધિત છે. તો તે જ તર્કને અનુસરીને 8 એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે.
13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ A. 64

✓ B. 63

✗ C. 65

✗ D. 68

Q.26 જો $15 \sin y + \cos y = \sqrt{15} \sin y$ હોય તો, tan y નું મૂલ્ય શોધો.

Ans

✗ A. $\frac{-16 - \sqrt{15}}{210}$

✗ B. $\frac{-15 - \sqrt{15}}{215}$

✓ C. $\frac{-15 - \sqrt{15}}{210}$

✗ D. $\frac{-15 - \sqrt{15}}{220}$

Q.27 **Refer to the following letter series and answer the question that follows. Counting to be done from left to right only.**
(Left) Z I I H U V U I I J W O L U Q L E P S E J E (Right)
How many such consonants are there, each of which is immediately preceded by a vowel and also immediately followed by a vowel?

Ans

✓ A. 4

✗ B. 3

✗ C. 6

✗ D. 5

Q.28 If 'A' stands for '÷', 'B' stands for '×', 'C' stands for '+' and 'D' stands for '−', then what will come in place of the question mark (?) in the following equation?
13 D 95 C 8 B 270 A 18 = ?

Ans
- ✔ A. 38
- ✘ B. 31
- ✘ C. 34
- ✘ D. 32

Q.29 જો 7854132 સંખ્યાના દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 1 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં સૌથી મોટા અને સૌથી નાના અંક વચ્ચેનો તફાવત કેટલો હશે?

Ans
- ✔ A. 8
- ✘ B. 5
- ✘ C. 7
- ✘ D. 6

Q.30 A, B, C, D, E અને F એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે. C અને F ની વચ્ચે માત્ર ત્રણ લોકો રહે છે. A એ F ની તરત જ ઉપર રહે છે. A એ બેકી સંખ્યા ધરાવતા માળ ક્રમાંક પર રહે છે. C એ સૌથી નીચેના માળ પર રહેતો નથી. B એ D ની તરત જ ઉપર રહે છે. તો E કયા માળ ક્રમાંક પર રહે છે?

Ans
- ✔ A. માળ ક્રમાંક 6
- ✘ B. માળ ક્રમાંક 2
- ✘ C. માળ ક્રમાંક 1
- ✘ D. માળ ક્રમાંક 5

Q.31 એક ઓનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ જણાવે છે કે વિદ્યાર્થીઓની એક મોટી બેચના, ગણિત વિષયમાં મધ્યક ગુણ 68 અને મધ્યસ્થ ગુણ 72 છે. આ ડેટાસેટ માટે પ્રયોગમૂલક સંબંધ માન્ય હોય, તો સૌથી વધુ સંભવિત બહુલકીય (modal) ગુણ કેટલા છે?

Ans
- ✘ A. 76
- ✔ B. 80
- ✘ C. 88
- ✘ D. 84

Q.32 Each letter in the word JUMBLED is arranged in the English alphabetical order. How many letters are there in the English alphabetical order between the letter which is second from the left and the one which is first from the right in the new letter cluster thus formed?

Ans
- ✘ A. 19
- ✔ B. 16
- ✘ C. 17
- ✘ D. 15

Q.33 એક શાળાના 1500 વિદ્યાર્થીઓમાંથી 300 વિદ્યાર્થીઓએ મતદાનમાં ભાગ લીધો ન હતો. ઉમેદવાર X ને માન્ય મતોના 40% અને ઉમેદવાર Y ને માન્ય મતોના 28% મત મળ્યા. ઉમેદવાર X અને ઉમેદવાર Y વચ્ચે મતોમાં કેટલો તફાવત છે?

Ans
- ✘ A. 348
- ✘ B. 240
- ✔ C. 144
- ✘ D. 120

Q.34 ભારતીય બંધારણમાં સુધારા માટેની પ્રક્રિયા નીચેમાંથી કયા દેશના બંધારણમાંથી લેવામાં આવી છે?

Ans
- ✘ A. યુનાઇટેડ કિંગડમ
- ✘ B. કેનેડા
- ✔ C. દક્ષિણ આફ્રિકા
- ✘ D. જાપાન

blackbook

Q.35 એક યોક્કસ કોડ ભાષામાં, 'fight your fear' ને 'pw vq em' તરીકે કોડ કરવામાં આવે છે અને 'fear blocks growth' ને 'hj bk pw' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'fear' માટેનો કોડ શું છે?

Ans
- ✗ A. hj
- ✗ B. vq
- ✗ C. em
- ✓ D. pw

Q.36 નીચેનામાંથી કયા વર્ગમાં મૃત (dead) અને ઉત્સર્ગ દ્રવ્યો (waste matter)નું વિઘટન કરતાં સજીવોનો સમાવેશ થાય છે?

Ans
- ✗ A. શાકાહારીઓ
- ✓ B. વિઘટકો
- ✗ C. ઉત્પાદકો
- ✗ D. ઉપભોકતાઓ

Q.37 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને આવશે?

QLH36 PKG47 OJF58 NIE69 ?

Ans
- ✗ A. MGD81
- ✗ B. MHD81
- ✓ C. MHD80
- ✗ D. MGD80

Q.38 7-અંકની સંખ્યા 33A292B એ 12 વડે વિભાજ્ય છે. (A + B) નું ન્યૂનતમ મૂલ્ય કેટલું હશે?

Ans
- ✗ A. 4
- ✗ B. 3
- ✓ C. 2
- ✗ D. 5

Q.39 છ સામાહિક ક્વિઝ પછી, એક વિદ્યાર્થીનો સરેરાશ સ્કોર 18 માર્ક્સ હતો. તો આ તમામ ક્વિઝમાં એ વિદ્યાર્થીનો સંચિત (cumulative) સ્કોર કેટલો હતો?

Ans
- ✗ A. 96
- ✗ B. 112
- ✗ C. 114
- ✓ D. 108

Q.40 બે શૈક્ષણિક બચત યોજનાઓમાં એક રકમનું રોકાણ કરવામાં આવે છે જે બંને વાર્ષિક 10% ચક્રવૃદ્ધિ વ્યાજ આપે છે. યોજના A વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે, જ્યારે યોજના B અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે. એક વર્ષ પછી, યોજના B હેઠળ પાકતી રકમ એ યોજના A કરતા ₹12.50 વધારે છે. મૂળ (principal) રકમ (₹માં) શોધો.

Ans
- ✗ A. 12,500
- ✗ B. 2,500
- ✓ C. 5,000
- ✗ D. 10,000

Q.41 નીચે આપેલાનું મૂલ્યાંકન કરો.

$$2 + (\sin A + \operatorname{cosec} A)^2 + (\cos A + \sec A)^2$$

Ans
- ✗ A. $5 + \tan^2 A + \cot^2 A$
- ✓ B. $9 + \tan^2 A + \cot^2 A$
- ✗ C. $7 + \tan^2 A + \cot^2 A$
- ✗ D. $\tan^2 A + \cot^2 A$

Black book

Q.42 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક યોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✗ A. EA – VR
- ✗ B. PL – GC
- ✗ C. VR – MI
- ✓ D. LH – CZ

Q.43 સાદું રૂપ આપો:
$(48 \div 6 + 10 - 9 \times 2) + (15 \times 5 - 6)$

Ans
- ✗ A. 25
- ✗ B. 75
- ✗ C. -15
- ✓ D. 69

Q.44 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
5 લાકડીઓમાં, Y, S, D, L અને W, દરેકની ઊંચાઈ અલગ છે, કઈ લાકડી સૌથી ઊંચી છે?

વિધાનો:
(I) Y એ S કરતાં નીચી છે પણ D કરતાં ઊંચી છે. D માત્ર એક લાકડી કરતાં ઊંચી છે.
(II) L એ W કરતાં ઊંચી છે.

Ans
- ✗ A. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ C. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.45 સાત લોકો, A, B, C, I, J, K અને L એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેસે છે. L અને K ની વચ્ચે માત્ર પાંચ લોકો બેસે છે. C એ K ની તરત જ ડાબી બાજુએ બેસે છે. C અને A ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેસે છે. J એ I ની ડાબી બાજુએ કોઈ એક સ્થાન પર પરંતુ B ની જમણી બાજુએ કોઈ એક સ્થાન પર બેસે છે. તો કોણ હરોળના ડાબા છેડે ત્રીજા સ્થાને બેસે છે?

Ans
- ✗ A. A
- ✗ B. C
- ✗ C. I
- ✓ D. J

Q.46 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબેથી જમણે કરવાની રહેશે

(ડાબી બાજુ) O G # E A @ $ R & U Ω T £ D H ! Y (જમણી બાજુ)

એવા કેટલા સ્વરો છે, જેમાંથી દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
- ✗ A. ત્રણ
- ✗ B. એક પણ નહીં
- ✗ C. બે
- ✓ D. એક

blackbook

Q.47 એકજેવી નોટબુકોની કિંમત અયળ છે. જો નોટબુકો અને એની કિંમતનો ગુણોત્તર 8 : 64 હોય, અને ₹40ના મૂલ્યની ખરીદી કરવા પર એ ગુણોત્તર જળવાતો હોય, તો એમાં કેટલી નોટબુક ખરીદી શકાય?

Ans
- ✗ A. 6
- ✗ B. 4
- ✗ C. 7
- ✓ D. 5

Q.48 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કઇ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધઃ અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✓ A. QS–TY
- ✗ B. JL–NP
- ✗ C. HJ–LN
- ✗ D. BD–FH

Q.49 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ (સંકેત) અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યાઓ/પ્રતીકોના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઇ પણ શરતો અનુસરતી નથી, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ કોષ્ટકમાં આપેલા મુજબ સીધા જ અનુસરવાના છે.

સંખ્યા/પ્રતીક 9 @ % & 8 * 4 2 $ +

કોડ QP I WNSYDAG

શરતો –
(i) જો પહેલું તત્વ પ્રતીક હોય અને છેલ્લું તત્વ સંખ્યા હોય, તો તેમના કોડની અરસપરસ અદલાબદલી કરો
(ii) જો બીજું અને ત્રીજું તત્વ એકી સંખ્યા હોય, તો ત્રીજા તત્વને બીજા તત્વના કોડ તરીકે કોડ કરો.
(iii) જો ચોથું તત્વ પ્રતીક હોય અને પાંચમું તત્વ સંખ્યા હોય, તો બંનેને © તરીકે કોડ કરો.

નીચેના સમૂહ માટેનો કોડ શું હશે?
9 @ % & 8

Ans
- ✗ A. GPIWN
- ✓ B. QPI©©
- ✗ C. QPIWK
- ✗ D. QPIWD

Q.50 એક ચોક્કસ તર્ક મુજબ **TU 8** એ **YZ 17** સાથે સંબંધિત છે. તે જ રીતે, **PH 14** એ **UM 23** સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી **KC 17** કોની સાથે સંબંધિત હશે?

Ans
- ✗ A. PG 26
- ✗ B. OG 27
- ✓ C. PH 26
- ✗ D. OH 26

Q.51 **F, G, H, M, N** અને **O** એક જ ઇમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને ક્રમાંક 1, તેની ઉપરના માળને 2 અને તે જ મુજબ આગળ વધતા, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
G એ માળ ક્રમાંક 4 પર રહે છે. **G** અને **M** ની વચ્ચે માત્ર બે લોકો રહે છે. **G** અને **O** ની વચ્ચે માત્ર **F** રહે છે. **H** એ **G** ની લગોલગ નીચે રહે છે. તો **N** અને **O** ની વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
- ✗ A. એક
- ✓ B. ત્રણ
- ✗ C. બે
- ✗ D. ચાર

Q.52 AB એ CD ને સમાંતર છે. એક છેદિકા PQ એ AB અને CD ને અનુક્રમે E અને F માં છેદે છે, અને ∠PEB = 25° છે. G એ AB અને CD ની વચ્ચે આવેલું એક એવું બિંદુ છે કે જેથી ∠BEG = 43° અને ∠GFE = 10° થાય. ∠EGF નું માપ કેટલું હશે?

Ans

✗ A. 43°

✗ B. 70°

✗ C. 48°

✓ D. 58°

Q.53 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે
BIG FAN JET ROD
દરેક શબ્દમાં, દરેક સ્વર અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલા આવતા અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનેલા કેટલા અક્ષર-સમૂહ વ્યંજનોથી શરૂ થાય છે અને વ્યંજનોથી સમાપ્ત થાય છે?

Ans

✗ A. 2

✗ B. 3

✗ C. 4

✓ D. 1

Q.54 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 579 513 520 297 273 (જમણી બાજુ)
(ઉદાહરણ- 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે, તો શું પરિણામ આવશે?

Ans

✓ A. 14

✗ B. 13

✗ C. 17

✗ D. 15

Q.55 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

FIG 50 CFD 58 ZCA 66 WZX 74 ?

Ans

✗ A. TVT 81

✗ B. TUW 87

✓ C. TWU 82

✗ D. TXT 84

Q.56 કયા પ્રકારના ઉચ્ચાલક (lever) માં ભાર (load), આધારબિંદુ (fulcrum) અને પ્રયત્નબળ (effort) ની વચ્ચે આવેલો હોય છે?

Ans

✗ A. ચોથા પ્રકારનું ઉચ્ચાલક (Fourth class lever)

✗ B. પ્રથમ પ્રકારનું ઉચ્ચાલક (First class lever)

✓ C. બીજા પ્રકારનું ઉચ્ચાલક (Second class lever)

✗ D. ત્રીજા પ્રકારનું ઉચ્ચાલક (Third class lever)

Q.57 **Refer to the following letter and symbol series and answer the question that follows. Counting to be done from left to right only.**
(Left) B L © H D * # $ Y S V * £ Q $ I # X I & # I (Right)
How many such symbols are there, each of which is immediately preceded by a letter and also immediately followed by a letter?

Ans

✓ A. 3

✗ B. 6

✗ C. 4

✗ D. 5

Q.58 જો CHEMIST શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans

✗ A. બે

✓ B. ત્રણ

✗ C. એક પણ નહીં

✗ D. એક

Q.59 17 cm ત્રિજ્યાવાળા વર્તુળમાં, એક જીવા તેના કેન્દ્રથી 8 cm અંતરે આવેલી છે. આ જીવાની લંબાઇ (cm માં) શોધો.

Ans

✓ A. 30

✗ B. 35

✗ C. 25

✗ D. 40

Q.60 નીચેનામાંથી કઈ સંખ્યા 9 અને 22 બંને વડે વિભાજ્ય છે?

Ans

✗ A. 4642

✓ B. 5544

✗ C. 6464

✗ D. 5152

Q.61 નિયમિત વર્તુળાકાર ગતિમાં, પ્રવેગ _____ છે.

Ans

✗ A. બહારની તરફ ત્રિજ્યાની દિશામાં

✗ B. શૂન્ય

✗ C. પથને સ્પર્શક દિશામાં

✓ D. અંદરની તરફ ત્રિજ્યાની દિશામાં

Q.62 બે સંખ્યાઓ 3 : 4 ના ગુણોત્તરમાં છે. જો બંને સંખ્યાઓમાં 10 ઉમેરવામાં આવે, તો તે બે સંખ્યાઓ વચ્ચેનો ગુણોત્તર 11 : 13 થાય છે. તો મોટી સંખ્યા શોધો.

Ans

✓ A. 16

✗ B. 20

✗ C. 12

✗ D. 8

Q.63 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?

1 -1 -5 -13 -29 ?

Ans

✗ A. -60

✗ B. -65

✓ C. -61

✗ D. -62

Q.64 એક બહુકોણ એ સમાંતરબાજુ ચતુષ્કોણ અને સમલંબ ચતુષ્કોણના સંયોજનથી બનેલો છે. સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો 16 cm અને ઊંચાઇ 9 cm છે, જ્યારે કે સમલંબ ચતુષ્કોણની સમાંતર બાજુઓનાં માપ 8 cm અને 12 cm તથા ઊંચાઇ 6 cm છે. બહુકોણના કુલ ક્ષેત્રફળના કેટલા ટકા ભાગ સમલંબ ચતુષ્કોણ દ્વારા રોકાયેલો છે?

Ans

✓ A. $29\frac{21}{51}\%$

✗ B. $28\frac{23}{51}\%$

✗ C. $29\frac{23}{51}\%$

✗ D. $28\frac{21}{51}\%$

Black book

Q.65 નીચે સંખ્યાના બે સમૂહો આપેલા છે, દરેક સમૂહમાં, પ્રથમ સંખ્યા પર યોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એજ રીતે બીજી સંખ્યા પર યોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આમ આ ક્રિયા આગળ ચાલુ રહે છે. કયો વિકલ્પ આ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સમૂહ દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ કરવા માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાશે નહીં, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

18 - 14 - 70 - 73
11 - 7 - 35 - 38

Ans
- ✗ A. 50 - 47 - 188 - 195
- ✓ B. 18 - 14 - 70 - 73
- ✗ C. 2 -2 -14 -8
- ✗ D. 50 - 45 - 225 - 231

Q.66 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ (સંકેત) અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યાઓ/પ્રતીકોના જૂથને કોડ કરવામાં આવ્યા છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતોનું પાલન ન થાય, તો કોષ્ટકમાં આપેલા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડનું સીધું પાલન કરવાનું રહેશે.

સંખ્યા/પ્રતીક * ? + # 3 6 5 % @ 9

કોડ M E F D X Z B V P U

શરતો –
(i) જો પ્રથમ તત્વ એક પ્રતીક છે અને છેલ્લું તત્વ એક સંખ્યા છે, તો પ્રથમ અને છેલ્લા તત્વો માટેના કોડની અદલાબદલી કરો
(ii) જો બીજા અને ત્રીજા તત્વો એકી સંખ્યા હોય, તો ત્રીજા તત્વને બીજા તત્વના કોડ તરીકે કોડ કરો.
(iii) જો ચોથું તત્વ એક પ્રતીક છે અને પાંચમું તત્વ એક સંખ્યા છે, તો ચોથા અને પાંચમા બંને તત્વોને © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના જૂથને કેવી રીતે કોડ કરવામાં આવશે?
***?+63**

Ans
- ✗ A. MEFZX
- ✗ B. PEFDX
- ✓ C. XEFZM
- ✗ D. MEYDX

Q.67 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 214 785 698 759 472 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
(નોંધ: બધી સંક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબેથી જમણે કરવાની છે.)

જો બધી સંખ્યાઓ ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓની સ્થિતિ યથાવત રહેશે?

Ans
- ✗ A. 2
- ✗ B. 1
- ✗ C. 4
- ✓ D. 3

Q.68 ઘૂંટણમાં કયા પ્રકારનો સાંધા હોય છે, જે તેને વાળવા અને સીધો કરવા માટે સક્ષમ બનાવે છે?

Ans
- ✓ A. મિજાગરા પ્રકારનો સાંધો (Hinge joint)
- ✗ B. બોલ અને સોકેટ સાંધો (Ball and socket joint)
- ✗ C. કીલક સાંધો (Pivot joint)
- ✗ D. નિશ્ચલ સાંધો (Fixed joint)

black book

Q.69 પૂજા બિંદુ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 17 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને 15 km ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 19 km ડ્રાઇવ કરે છે, જમણો વળાંક લે છે અને 18 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે અને 36 km ડ્રાઇવ કરે છે અને બિંદુ B પર અટકે છે. બિંદુ A સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે સિવાય કે અન્ય કંઈ ઉલ્લેખિત હોય.)

Ans

✗ A. પૂર્વ તરફ 30 km

✓ B. પશ્ચિમ તરફ 33 km

✗ C. દક્ષિણ તરફ 32 km

✗ D. પશ્ચિમ તરફ 31 km

Q.70 એક બેંક વાર્ષિક 12% ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ફિક્સ્ડ ડિપોઝિટ યોજના આપે છે, જેમાં વ્યાજ અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે. જો ₹10,000 ને એક વર્ષ માટે રોકાણ કરવામાં આવે, તો પાકતી રકમ (₹માં) કેટલી હશે?

Ans

✗ A. 11,272

✓ B. 11,236

✗ C. 10,600

✗ D. 11,200

Q.71 એક કારના રેડિએટરમાં 83% એન્ટિફ્રીઝનું દ્રાવણ હોવું જોઈએ. એક વાહનચાલક પાસે 33% એન્ટિફ્રીઝનું 13 લિટર દ્રાવણ છે. 83% એન્ટિફ્રીઝનું દ્રાવણ બનાવવા માટે તેણે પોતાના આ દ્રાવણમાં 95% એન્ટિફ્રીઝ ધરાવતું કેટલા લિટર પ્રવાહી ઉમેરવું જોઈએ? (તમારા જવાબને 2 દશાંશ સ્થાન સુધી આવરી લો)

Ans

✗ A. 50.39

✓ B. 54.17

✗ C. 49.14

✗ D. 56.14

Q.72 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે FCBY એ અમુક ચોક્કસ રીતે CZYV સાથે સંબંધિત છે. તે જ રીતે, HEDA એ EBAX સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, KHGD એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans

✗ A. HDCA

✓ B. HEDA

✗ C. HFCJ

✗ D. HECA

Q.73 મોહન બિંદુ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 81 km ડ્રાઇવ કરે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 83 km ડ્રાઇવ કરે છે, પછી ડાબો વળાંક લે છે અને 92 km ડ્રાઇવ કરે છે. તે પછી એક ડાબો વળાંક લે છે અને 94 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે, 11 km ડ્રાઇવ કરે છે અને બિંદુ P પર અટકે છે. તો બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (જ્યાં સુધી સ્પષ્ટ કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના જ રહેશે.)

Ans

✗ A. 10 km પશ્ચિમ તરફ

✓ B. 11 km પશ્ચિમ તરફ

✗ C. 13 km પૂર્વ તરફ

✗ D. 12 km પૂર્વ તરફ

Q.74 B, E, G, R, U અને V એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે જ પ્રમાણે આગળ વધતા, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે. E એકી સંખ્યાવાળા માળ પર રહે છે પરંતુ 5 નંબરના માળ પર નહીં. E અને R જે માળ પર રહે છે તેમના ક્રમાંકોનો સરવાળો 5 થાય છે. R અને G ની વચ્ચે માત્ર 3 વ્યક્તિઓ રહે છે. B એ V ની તરત ઉપરના માળ પર રહે છે. તો R ની નીચે કેટલા લોકો રહે છે?

Ans

✗ A. 3

✓ B. 1

✗ C. 2

✗ D. 4

black book

Q.75 M અને N બે લોકો શહેરો B અને C માંથી પસાર થઈને શહેર A થી શહેર D સુધી રોડ ટ્રિપ પર જઈ રહ્યા છે. શહેરો વચ્ચે મુસાફરી કરવા માટે લાગતો સમય નીચે મુજબ છે: A થી B પહોંચવામાં 5 કલાક, B થી C સુધી પહોંચવામાં 7 કલાક અને C થી D સુધી પહોંચવામાં 9 કલાક લાગે છે. તેમની સરેરાશ ઝડપ 20 m/s છે, અને C થી D નું અંતર 567 km છે. આ ઉપરાંત, તેઓ A થી B સુધી 25 m/s ની ઝડપે મુસાફરી કરે છે. જો B અને C વચ્ચેના અંતરને 'L' મીટર તરીકે દર્શાવવામાં આવે, તો $\sqrt{L-5000}$ શોધો.

Ans

- ✔ A. 700
- ✘ B. 600
- ✘ C. 500
- ✘ D. 200

"

Blackboard